તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૮ | ૮ જુલાઈ, ૨૦૧૬, શુક્રવાર ; અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## દિપીકા અને રણબીર ફરી મળ્યા

મુંબઈ, તા. ૭

રણબીર કપૂર અને દિપીકા બોલીવુડમાં સૌથી મોટા ન્યુઝ મેકર તરીકે છે. કોઈપણ રીતે આ બંને હંમેશા ચર્ચામાં રહે છે. તાજેતરમાં એક કાર્યક્રમમાં બંને એકત્રિત થયા હતા. બંનેએ સાથે થોડોક સમય પણ ગાળ્યો હોવાના અહેવાલ મળ્યા છે. જો કે, આ અહેવાલને હજુ સુધી સમર્થન મળી શક્યું નથી. સ્પેનના મેડ્રિડમાં આઈફા એવોર્ડ કાર્યક્રમની પૂર્ણાહૂતિ થયા બાદ રણબીર કપૂર અને દિપીકા બર્લિનમાં મળ્યા હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, દિપીકા એક કાર્યક્રમના હેતુસર બર્લિનમાં હતી જ્યારે તેના વિતેલા વર્ષોમાં બોયફ્રેન્ડ તરીકે રહી ચુકેલા રણબીર કપૂર પણ એ વખતે બર્લિનમાં સમય ગાળ્યો હતો. ફિલ્મ નિર્માતા અને રણબીરના મિત્ર અયાન મુખર્જી રણબીર અને દિપીકાને લઈને એક ફિલ્મ બનાવવાની પણ યોજના ધરાવે છે.

# બાંગ્લાદેશમાં ઈદની નમાઝ સમયે બ્લાસ્ટ

**ચાર મોત : હુમલાખોરો પૈકી બેની ધરપકડ, એકને ઠાર કરી દેવાયો : હુમલાખોરોએ સૌથી પહેલા ગ્રેનેડો ઝીંકીને પ્રચંડ બ્લાસ્ટ કર્યા અને ત્યારબાદ અંધાધૂંધ ગોળીબાર કર્યો : ઇદના દિવસે હુમલાથી ભારે અફડાતફડી ફેલાઈ**

ઢાકા,તા. ૭

બાંગ્લાદેશમાં રક્તપાતનો દોર જારી રહ્યો છે. થોડાક દિવસ પહેલા કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ આજે ઈદની સૌથી મોટી નમાજ વેળા જ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. આ બ્લાસ્ટમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા હતા જેમાં બે પોલીસ જવાનોનો સમાવેશ થાય છે. કિશોરગંજ જિલ્લામાં નમાઝ મેદાન નજીક અનેક બ્લાસ્ટ અને ગોળીબારનો અવાજ સંભળાયો હતો. રમઝાનના ભાગરુપે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. ઓછામાં ઓછા ૨૫૦૦૦૦ લોકો એકત્રિત થયા હતા. આ હુમલા બાદ થયેલી અથડામણમાં એક હુમલાખોર અને એક મહિલાનું પણ મોત થયું છે. રાષ્ટ્રીય પોલીસ પ્રવક્તા

● અનુસંધાન પાન-૭ પર






# શિક્ષણ ક્ષેત્રે શ્રેણીબદ્ધ પડકારો છે : જાવડેકર

**પ્રકાશ જાવડેકરે મંત્રાલયનો હવાલો સંભાળ્યો : દેશમાં ક્વૉલિટી એજ્યુકેશન ખુબ મહત્વપૂર્ણ બાબત છે તમામ લોકો સુધી ક્વૉલિટી એજ્યુકેશન પહોંચે તે જરૂરી**



નવીદિલ્હી, તા. ૭

કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી તરીકે પ્રકાશ જાવડેકરે આજે જવાબદારી સંભાળી લીધી હતી. જો કે, જવાબદારી સંભાળી ત્યારે આ ખાતુ સંભાળી ચુકેલા સ્મૃતિ ઈરાની ઉપસ્થિત રહ્યા ન હતા. સ્મૃતિ ઈરાની કાર્યક્રમથી દૂર રહ્યા હતા. પ્રકાશ જાવડેકરે આ પ્રસંગે કહ્યું હતું કે, તેમની સામે કેટલાક પડકારો રહેલા છે જે પૈકી સૌથી મોટો પડકાર શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તાને સુધારવા માટેનો છે. ગુણવત્તા એજ્યુકેશન ખુબ જ મહત્વપૂર્ણ બાબત છે. જીવનમાં આના કારણે આધારશીલા મુકવામાં આવે છે. તેમના પુર્વગામી સ્મૃતિ ઈરાની આજે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા ન હતા.

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225


# નાણાંકીય વર્ષને બદલવા ઉચ્ચકક્ષાની સમિતિ

**એપ્રિલથી માર્ચ સુધીની અવધિને એક નાણાંકીય વર્ષ ગણાય છે : કમિટિ ડિસેમ્બર સુધી અહેવાલ સોંપે તેવી પુરી સંભાવના નવી વ્યવસ્થાના આધાર પર નાણાંકીય વર્ષને ગણવાનો ફાયદો શું થશે તેને લઇ વિચારણા થશે**

નવીદિલ્હી,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે એક કમિટિની રચના કરી છે જે નાણાંકીય વર્ષમાં ફેરફારના મુદ્દા ઉપર વિચારણા કરશે. નાણાંકીય વર્ષમાં ફેરફાર કરવાની દિશામાં મોદી સરકાર આગળ વધી રહી છે. હજુ સુધી એપ્રિલથી લઈને માર્ચ સુધીની અવધિને એક નાણાંકીય વર્ષ તરીકે ગણવામાં આવે છે. કમિટિ આ વિષય ઉપર પણ વિચારણા કરશે કે આ પ્રક્રિયાને છોડીને નવી વ્યવસ્થાના આધાર પર નાણાંકીય વર્ષ નક્કી કરવાથી કોઈ ફાયદો થશે કે કેમ. નાણા મંત્રાલયનું કહેવું છે કે, આ કમિટિ ડિસેમ્બર સુધીમાં પોતાના અહેવાલ સોંપશે. પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર શંકકર આચાર્યના નેતૃત્વમાં બનેલી આ કમિટિમાં કેબિનેટ સેક્રેટરી કેએમ ચંદ્રશેખર, તમિળનાડુના પૂર્વ નાણાંકીય સચિવ પીવી રાજારમન, સેન્ટ્રલ ફોર પોલિસી રિસર્ચના ફેલો રાજુકુમાર સામેલ થશે. એક જાહેરનામામાં નાણા મંત્રાલયનું કહેવું છે કે, કમિટિ નવા નાણાંકીય વર્ષની શરૂઆત પરિસ્થિતિના આધાર પર કરશે. કમિટિને પોતાના સૂચનોની તરફેણમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની આવક અને ખર્ચના યોગ્ય માર્ગદર્શનની જરૂર પડશે. કમિટિને અન્ય કેટલાક કામ પણ કરવા પડશે. કમિટિને એમ પણ કહેવું પડશે.

● અનુસંધાન પાન-૭ પર


હાર્દિક અભિનંદન



શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા
રાજ્યમંત્રીશ્રી
કૃષિ કલ્યાણ અને પંચાયતી રાજ



શ્રી મનસુખભાઈ માંડવીયા
રાજ્યમંત્રીશ્રી
માર્ગ-વ્યવહાર અને રસાયણ-ફર્ટીલાઈઝર



શ્રી જશવંતસિંહ ભાભોર
રાજ્યમંત્રીશ્રી
આદિજાતિ કલ્યાણ

આપશ્રીની કેન્દ્રીય મંત્રીમંડળમાં થયેલ નિયુક્તિને અમે અંતરના ઉમળકાથી વધાવીએ છીએ...
આપની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવીએ છીએ.

શુભેચ્છક
બાબુભાઈ એસ. પટેલ
(પ્રમુખ, બાવન સમાજ, પ્રાંતિજ-તલોદ વિભાગ)
અશ્વમેઘ કોર્પોરેશન, ગાંધીનગર
શૈલેષભાઈ બી. પટેલ
પરેશભાઈ બી. પટેલ
તથા સમસ્ત અશ્વમેઘ પરિવાર